EDII

Navgujarat Samay

November 30, 2020
Page No.04

# EDIIની હેતિકા શાહને કોવિડ ઈમ્પેક્ટ કેટેગરીનો એવોર્ડ

» ‘4 S શીલ્ડ’ માટે હેતિકાને ‘શી ધ પીપલ ડિજિટલ વિમેન એવોર્ડ’ મળ્યો



**નવગુજરાત સમય** > અમદાવાદ

ઈડીઆઈઆઈના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટનાં બીજા વર્ષની વિદ્યાર્થિની હેતિકા શાહે વર્ષ 2020 માટે પ્રતિષ્ઠિત “શી ધ પીપલ ડિજિટલ વિમેન એવોર્ડ” મેળવ્યો છે. હેતિકાને એના એન્ટરપ્રાઈઝ ‘4 S શીલ્ડ’ માટે કોવિડ ઈમ્પેક્ટ કેટેગરી અંતર્ગત સન્માન મળ્યું હતું, જે કોવિડના મોખરાના વોરિયર્સ માટે ઈનોવેટિવ અને અત્યાધુનિક ફેસ શીલ્ડ અને માસ્કનું ઉત્પાદન કરે છે.

પોતાની સફળતા વિશે હેતિકાએ કહ્યું હતું કે, “જ્યારે કોરોના રોગચાળો શરૂ થયો હતો, ત્યારે મેં મારી કામગીરી અદા કરવાનો દૃઢ નિર્ધાર કર્યો હતો. હું ઔદ્યોગિક સલામતી ઉપકરણના ક્ષેત્રમાં કામ કરવાનો અનુભવ ધરાવતી હતી. મેં ઈડીઆઈઆઈમાં માર્ગદર્શકોની સલાહ લીધી હતી, જેમણે મને મારા વિચારને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા માર્ગદર્શન આપ્યું હતું. ‘4 S શીલ્ડ’ 99.35 ટકા PFE અને 99.9 ટકા BFE સાથે નેનો-ફાઈબરમાંથી બને છે. ફક્ત 8 દિવસમાં મેં કામગીરી શરૂ કરી હતી.”

આ ભારતમાં પ્રથમ કંપની છે, જેણે અત્યાર સુધી તમામ સેન્સરી ઓર્ગન્સ એટલે 96 ટકા અંગોને સૌથી વધુ સુરક્ષા પૂરી પાડી છે. ભવિષ્યમાં કંપની ફાર્મા અને ઉત્પાદન ઉદ્યોગમાં ઉપયોગ થતાં સલામતી માટેના ઉપકરણની ઈનોવેટિવ ડિઝાઈન સાથે ઉત્પાદનો બનાવવામાં ઝંપલાવશે. ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાએ કહ્યું કે, “અમારા મુખ્ય પીજીડીએમ-ઈ પ્રોગ્રામનું હાર્દ વ્યવહારિક તાલીમ છે. દર વર્ષે અમારા વિદ્યાર્થીઓ નવા ઉદ્યોગસાહસો સ્થાપિત કરે છે અને એમાંથી કેટલાંક ઉદ્યોગસાહસો ઈડીઆઈઆઈમાં અભ્યાસક્રમ દરમિયાન શરૂ થયા છે.”